151 ~~ ~~

વર્ગ-૧ની નીચલી જગ્યાએથી વર્ગ-૧ની ઉપલી જગ્યાએ બઢતીમાં "સારી" ગુણકક્ષાના ખાનગી અહેવાલની જાણ કરવા અંગે સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્ર:-એસએલટી/૧૦૨૦૧૪/૮૯૯૩૦/ગ૨
સચિવાલય ગાંધીનગર
તા. ૨૦/૦૬/૨૦૧૪.

વંચાણે લીધોઃ- (૧) સા.વ.વિ.નો તા.૩૧/૩/૮૯ નો ઠરાવ ક્ર:- ખહલ/૧૧૮૯/ક

(૨) સા.વ.વિ.નો તા.૨૯/૧૦/૦૫ નું જાહેર નામું - સીઆરઆર/૧૦૨૦૦૫/ ૧૦૦૮/ગ.૨

(૩) નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા સીવીલ અપીલ નં.૭૬૩૧/૨૦૦૨ દેવદત્ત વિ. ભારત સરકારના કેસમાં તા.૧૨/૫/૦૮ ના રોજ આપેલ ચુકાદો

(૪) નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા સ્પેશીયલ લીવ અપીલ (સીવીલ) નં.૨૬૫૫૬ /૨૦૦૪ અભિજીત ઘોષ દસ્તીદાર વિ. ભારત સરકારના કેસમાં તા.૨૨/૧૨/૦૮ના રોજ આપેલ ચુકાદો.

**પ્રસ્તાવના:-**

રાજ્ય સરકારના અધિકારી/કર્મચારીઓના વાર્ષિક ખાનગી અહેવાલ લખવાની સુચનાઓ ઉપર વંચાણે લીધેલ ક્રમ- (૧)સામેના સામાન્ય વહીવટ વિભાગના તા.૩૧/૩/૮૯ના ઠરાવથી પ્રસિધ્ધ કરવામાં આવી છે. જેમાં સંબંધિત અધિકારી/કર્મચારીના ખાનગી અહેવાલમાં થયેલ પ્રતિકૂળ નોંધની જાણ જે તે અધિકારી/કર્મચારીને કરી, તેમની રજુઆત મેળવી, તે પરત્વે જરૂરી નિર્ણય લેવાની પણ જોગવાઈ થયેલી છે. ઉપર વંચાણે લીધેલ ક્રમ- (૨) સામેના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯/૧૦/૦૫ના ઠરાવથી રાજ્ય સેવાની વર્ગ-૧ ની પ્રથમ તબક્કાની જગ્યાએથી વર્ગ-૧ની બીજા તબક્કાની જગ્યાએ બઢતી માટે " ઘણી સારી" ગુણકક્ષા તથા વર્ગ-૧ની બીજા તબક્કાની જગ્યા પરથી વર્ગ-૧ ની ત્રીજા તબક્કાની અને તેથી ઉપરની જગ્યાઓ ઉપર બઢતી માટે "પસંદગીના સિધ્ધાંતો" અમલમાં મુકવાની નવી નીતિ પણ નિયત થયેલી છે. ખાનગી અહેવાલમાંની "સારી" ગુણકક્ષાએ વિરૂધ્ધ નોંધ ન હોઇ સંદર્ભ (૧) માં જણાવેલ ઠરાવની સૂચના અનુસાર તેની જાણ સંબંધિત ને કરવાની રહેશે નહીં તેવો પણ નિર્ણય સરકારશ્રીએ કરેલ હતો.

૨. સા.વ.વિ.ના તા.૨૯/૧૦/૦૫ના ઠરાવથી અમલમાં આવેલ બઢતીના નવા સિધ્ધાંતો સંદર્ભે ઉપર વંચાણે લીધેલ ક્રમ- (૩)સામેના નામદાર સુપ્રિમકોર્ટના દેવદત વિ. યુનિયન ઓફ ઈન્ડીયાના કેસમાં તા.૧૨/૫/૦૮ના ચુકાદાથી "સારી" ગુણકક્ષાના ખાનગી અહેવાલની જાણ સંબંધિતોને કરવાના આદેશો આપેલા છે. જ્યારે ઉપર વંચાણે લીધેલ ક્રમ- (૪) સામેના નામદાર સુપ્રિમ કોર્ટના અભિજીત ઘોષ વિ.

યુનિયન ઓફ ઈન્ડીયાના કેસમાં તા.૨૨/૧૨/૦૮ના ચુકાદાના આદેશો ધ્યાને લઇ પ્રસ્તુત બાબતે રાજય સરકારના વિવિધ અધિકારીઓ ધ્વારા નામ. વડી અદાલતમાં દાખલ કરેલ પીટીશનોમાં "સારી" ગુણકક્ષાના ખાનગી અહેવાલની જાણ કરવામાં આવેલ ન હોય તો આવા ખાનગી અહેવાલની અવગણના કરવાના નામદાર હાઇકોર્ટે આદેશો આપેલા છે. પરંતુ આવા ખાનગી અહેવાલની કેટલા વર્ષ માટે અવગણના કરવી તેની કોઈ સ્પષ્ટતા નથી. આ સંજોગોમાં વધુ લીટીગેશન નિવારવા માટે "સારી" ગુણકક્ષાના ખાનગી અહેવાલની જાણ કરવા સંદર્ભે તથા "સારી" ગુણકક્ષાના ખાનગી અહેવાલની અવગણના કેટલા વર્ષ માટે કરવી તે અંગેની વિચારણા કરવા માટે માન. મંત્રીશ્રીઓની સમિતિ રચવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ

પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રી ઉપર મુજબના મુદ્દા ઉપર વિચારણા કરવા માટે નીચે મુજબ ત્રણ માન. મંત્રીશ્રીઓની રચના કરવાનું ઠરાવે છેઃ-

(૧) શ્રી નીતિનભાઈ પટેલ, માન. મંત્રીશ્રી(આરોગ્ય).......અધ્યક્ષશ્રી

(૨) શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, માન. મંત્રીશ્રી(શિક્ષણ).......સભ્યશ્રી

(૩) શ્રી સૌરભભાઈ પટેલ, માન. મંત્રીશ્રી(નાણા)............સભ્યશ્રી

૨. સમિતિ નામ. સુપ્રિમ કોર્ટના વિવિધ ચૂકાદાઓ તથા રાજય સરકારની નીતિને ધ્યાને લઇ "સારી" ગુણકક્ષાના ખાનગી અહેવાલની જાણ સંબધિતોને કરવા સંદર્ભે તેમ જ આવા ખાનગી અહેવાલની અવગણના કેટલા વર્ષ માટે કરવી તે સંદર્ભે હાલની નીતિના વિવિધ પાસાની ચકાસણી કરીને તેમની ભલામણો/સુચનો રજુ કરશે.

૩. સમિતિની કાર્ય અવધિ રાજ્ય સરકારના દ્વારા વખતો વખત નક્કી કરવામાં આવે ત્યાં સુધીની રહેશે.

૪. સમિતિનું વડું મથક ગાંધીનગર રહેશે. સમિતિની બેઠકો અધ્યક્ષશ્રી તેઓશ્રીને યોગ્ય લાગે તે સ્થળે અને સમયાંતરે બોલાવી શકશે...

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.એમ.સદાદીયા)
સંયુકત સચિવ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

- નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મા. મંત્રીશ્રી, આરોગ્ય, સચિવાલય, ગાંધીનગર.

15/83

- મા. મંત્રીશ્રી, શિક્ષણ, સચિવાલય, ગાંધીનગર.
- મા. મંત્રીશ્રી, નાણા, સચિવાલય, ગાંધીનગર.
- અન્ય તમામ મંત્રીશ્રી /રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગોના સચિવશ્રીઓ/અગ્ર સચિવશ્રીઓ/અધિક મુખ્ય સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત સીવીલ સર્વિસીઝ ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ/ સર્વે શાખાઓ.
- સિલેક્ટ ફાઇલ.

..........................................

- પત્ર દ્વારા